# એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદમાં યોગ દિવસની ઉજવણી

તા.૨૧/૦૬/૨૦૨૧

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદમાં તા.૨૧/૦૬/૨૦૨૧ ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. योग कर्मेसु कौशलमને સાક્ષાત્કાર કરતાં આ કાર્યક્રમ વર્તમાન પરિસ્થિતિ કોરોનાકાળમાં સરકારશ્રીના માર્ગદર્શન મુજબ ઓનલાઇન માઈક્રોસોફ્ટ ટીમના માધ્યમથી યોગ કરવામાં આવ્યા. આ કાર્યક્રમનું સર્વસંચાલન અધ્યાપકશ્રી ડૉ. જયકર મેકવાને કર્યું હતું. તાલીમાર્થીઓને યોગનું મહત્વ તથા સી.ડી. દ્વારા યોગ બતાવવામાં આવ્યા. તેમજ પ્રાધ્યાપક સુભાષભાઈ મકવાણાએ યોગગુરૂની યથોચિત ભૂમિકા ભજવીને તાલીમાર્થીઓને યોગ કરવાની સાથે કોરોનાકાળની મહામારીથી બચવા અને નિરામય જીવન જીવવા માટે યોગ જ ઉત્તમ ઔષધિ છે તેવું માર્ગદર્શન પણ આપ્યું. કાર્યક્રમનાં અધ્યક્ષા ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. જયશ્રી દિક્ષીતે પ્રસંગોચિત ઉદબોધન કર્યું. કોલેજના સર્વ અધ્યાપકમિત્રો અને તાલીમાર્થીઓએ આ કાર્યક્રમ સવારના ૭.30 થી ૯.00 વાગ્યા સુધી માણ્યો. કાર્યક્રમની આભારવિધિ ડૉ. જયકર મેકવાને કરી હતી.